# આણંદ કૃષિ યુનિવર્સિટી
## "વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનિંગ" માં
## પ્રવેશ અંગેની જાહેરાત

| | | | |
|---|---|---|---|
| ૧. | **કોર્ષનું નામ અને મુદ્દત** | : | "વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનિંગ" એટલે કે સુશોભન માટેના બાગ બગીચાઓ તૈયાર કરવા તેમજ તેની જાળવણી કરવા માટેનો છ માસનો પ્રમાણપત્ર કોર્ષ. |
| ૨. | **કોર્ષનું સ્થળ** | : | શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., મોડલ ફાર્મ, વડોદરા-03 |
| ૩. | **શૈક્ષણિક લાયકાત** | : | ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પાસ |
| ૪. | **ઉંમર** | : | ૧૫ થી ૪૫ વર્ષ |
| ૫. | **અરજીફોર્મ સૂચિપત્ર મેળવવા અંગેની વિગત** | : | રૂબરૂમાં કેન્દ્ર ખાતે કચેરી સમય દરમ્યાન રૂા. ૫૦/- રોકડા ભરવાથી અથવા રૂા. ૭૫/- નો મનીઓર્ડર મોકલવાથી મળી શકશે. |
| ૬. | **સ્ટાઇપન્ડ** | : | ૧૦૦૦ રૂા. પ્રતિ માસ (હાજરી મુજબ) |
| ૭. | **અરજી ફોર્મ** | : | ૦૮-૦૬-૨૦૧૬ થી ૦૭-૦૭-૨૦૧૬ |
| ૮. | **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** | : | ૦૭-૦૭-૨૦૧૬ |
| ૯. | **વધુ માહિતી મેળવવા માટેના ફોન નંબર** | : | ૦૨૬૫-૨૩૪૩૯૮૪ |
| ૧૦. | **વેબસાઇટ** | : | **www.aau.in** ઉપરથી ડાઉનલોડ કરીને જરૂરી માહિતી અનુશાર સૂચિપત્ર / ફોર્મ ભરીને ફી સહિત મોકલી શકશે |

**સ્થળ** : વડોદરા

તા. ૦૮-૦૬-૨૦૧૬

આચાર્ય  
શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર  
આ.કૃ.યુ., મોડલ ફાર્મ,  
વડોદરા-03

# વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ

## શેઠ ડી. એમ. પોલીટેક્નીક ઇન હોર્ટીકલ્ચર

## આણંદ કૃષિ યુનીવર્સિટી, મોડલ ફાર્મ, વડોદરા

## પ્રવેશ અંગેનું અરજી ફોર્મ

પાસપોર્ટ સાઇઝ નો તાજેતર નો ફોટોગ્રાફ

| | |
|---|---|
| ૧. | ઉમેદવારનું પુરેપુરૂ નામ................................................................................ |
| ૨. | પિતા /વાલીનું પુરેપુરૂ નામ..........................................................................… |
| ૩. | જે કિસ્સામાં ઉમેદવારના પિતા જીવિત હોય ત્યારે વાલી સાથેનો સંબંધ…………………. |
| ૪. | કાયમી સરનામું: |
| | તા.: જિલ્લો: પીન કોડ: |
| ૫. | હાલનું સરનામું: |
| | તા.: જિલ્લો: પીન કોડ: |
| | રહેઠાણ નો ટેલીફોન નંબર: મોબાઇલ નંબર: |
| ૬. | ઉમેદવાર ના વતનના જીલ્લાનું નામ: |
| ૭. | જન્મતારીખ (આંકડા તથા શબ્દોમાં): |
| ૮. | જાતિ / પેટા જાતિ: |
| ૯ | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) ના હોય તો તેની વિગત |
| ૧૦ | પરણિત કે અપરણિત: |
| ૧૧ | શૈક્ષણિક લાયકાત |

| પાસ કરેલી પરીક્ષા | પરીક્ષા પાસ કરેલ બોર્ડ / યુનીવર્સિટી નુ નામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | પરીક્ષામા મેળવેલ ગુણની વિગત | |
|---|---|---|---|---|
| | | | મેળવેલ કુલ ગુણ | ટકા(%) |
| ધોરણ-૧૦ | | | / | |
| ધોરણ-૧૨ | | | / | |
| માળી તાલીમતથા બાગાયત/કૃષિ ડિપ્લોમા | | | / | |
| સ્નાતક | | | / | |
| અનુસ્નાતક | | | / | |

| | |
|---|---|
| ૧૨. | તમારા પિતા /વાલી જાહેર સંસ્થામાં નોકરી કરે છે. જો "હા" તો જાહેર સંસ્થાનુ નામ તથા સરનામું પિતા /વાલીનો હોદ્દો લખવો:________________________________ |
| ૧૩. | તમો સવેતન નોકરી / ધંધા અથવા અન્ય સંસ્થા સાથે સંકળાયેલા છો જો હા હોય તો સંસ્થાનું નામ અને સરનામું________________________________ |

## ૧૪.તાલીમાર્થીની બાંહેધરી

આથી હું બાંહેધરી આપુ છુ કે જો મને **વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ**અભ્યાસક્રમ માં દાખલ કરવામા આવશે તો હું કબુલાત આપુ છું કે જે કોઇ નિયમો કે ધારા ધોરણ પોલીટેક્નીક ઇન હોર્ટીકલ્ચર કેન્દ્રના સંચાલન માટે હાલ અમલમાં છે અથવા ભવિષ્યમાં કરવામાં આવશે તે બધાનું હું તાલીમાર્થી હોઉં ત્યાં સુધી પાલન કરવા બંધાઉ છું. કેન્દ્રના નિયમિત સંચાલન કે શિસ્તને બાધ આવે તેવુ કોઇ પણ કાર્ય હું કેન્દ્ર ની અંદર કે બહાર કરીશ નહી.

**તારીખ:**

**સ્થળ:** **ઉમેદવાર ની સહી:** _____________

## ઉમેદવારના પિતા / વાલીએ આપવાની બાંહેધરી

આથી હું બાંહેધરી આપુ છુ કે જો મારા પુત્ર / પુત્રી/ પાલ્યને **વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ**અભ્યાસક્રમ માં દાખલ કરવામા આવશે તો કેન્દ્ર ની અંદર કે બહાર મારા પુત્ર / પુત્રી/ પાલ્યની તમામ પ્રકાર ની વર્તણૂક માટે હું જવાબદાર છું તેમજ તેની/તેણીની વર્તણૂક બરાબર ન હોય અથવા અભ્યાસક્રમ માં હાજરી ઘટશે તો સંસ્થા જે પગલા લેશે તે મને મજુંર છે.

**તારીખ:**

**સ્થળ:** **વાલી ની સહી:** _____________

## ૧૫. અરજીફોર્મ સાથે સામેલ કરવાની વિગતો:

૧. શાળા છોડયાના પ્રમાણપત્ર ની નકલ.
૨. ધોરણ-૧૦ પરીક્ષાની માર્કશીટ ની તેમજ અન્ય શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણત્રોની પ્રમાણીત નકલ.
૩. ઉમેદવાર અનુસૂચિત જાતિ / જન જાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષી પંચ)માં આવતા હોય તો તેવી જાતીના જે તે જિલ્લાના સમાજકલ્યાણ અધિકારી અથવા મામલતદાર / સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્ર ની પ્રમાણીત નકલ.
૪. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બંક્ષી પંચ) વર્ગ ના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે મુજબનું સરકારનાં સક્ષમ અધિકારીશ્રીના સંલગ્ન વર્ષનાનોન-ક્રીમીલેયર (પરિશિષ્ઠ-ક) પ્રમાણપત્રની પ્રમાણીત નકલ.

## વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગનો ઉદેશ

આજના ઉધોગીકરણ અને શહેરીકરણને લીધે પ્રદુષણનો મોટો પ્રશ્ન ઉભો થયેલ છે. આ સંજોગોમાં શહેરમાં ખાનગી અને જાહેર ક્ષેત્રના નાના-મોટા બગીચાઓનું મહત્વ ઘણું વધારે છે. બગીચાઓ ઉપરાંત રસ્તાઓની આસપાસ શોભા તથા છાંયા માટે વૃક્ષો હોવા તે પણ એટલુ જ જરુરી છે. અને હવે તો દરેક મહાનગરપાલીકાઓ દરેક મોટા શહેરોમાં સુદંર બગીચાઓનું આયોજન કરે છે અને આ બગીચાઓની નીભાવણીનું કામ , નવા બગીચાઓ બનાવવાનું કામ તથા વૃક્ષોના રોપા તૈયાર કરી ઉછેરવા એ કામોના જાણકાર એવા કુશળ  લેન્ડ સ્કેપરની ખાસ જરુરિયાત રહે છે. પરંતુ સહેલાઇથી આવી તાલીમન મળવાના અભાવે ટ્રેઇન લેન્ડ સ્કેપર મળતા નથી. આથી આ કેન્દ્ર ખાતે  લેન્ડ સ્કેપીંગ કામની પ્રાયોગીક માહિતી મળે અને કુશળ માણસો તૈયાર થાયતેમજ જે કુશળ કારીગરો આ કામમાં સંકડાયેલા છે. તેઓને વધારે સ્કીલ્ડ બને તે હેતુથી **વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગનો** પ્રમાણપત્ર અભ્યાસક્રમ આપવામાં આવે છે.

**(૧)** **ઉદેશ :વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગનો**મુખ્યઉદેશ બાગાયત ક્ષેત્રમાં બગીચાના કામ માટે બોધ્ધિક તેમજ પ્રાયોગીક તલીમ દવારા કુશળ લેન્ડ સ્કેપરોની રાજ્યની જુદી જુદી સરકારી, અર્ધસરકારી અને અન્ય ખાનગી સંસ્થાઓમાં હંગામી નોકરી અન્યથા સ્વરોજગારી પણ મેળવી શકે છે તેમજ પોતાની નર્સેરી બનાવી સ્વતંત્ર ઉધોગ સ્થાપી શકે છે.

**(૨)** **સ્થળ:વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ તાલીમ કેન્દ્ર**, યુનીટ અધિકારી, પોલીટેક્નીક ઇન હોર્ટીકલ્ચર, મોડેલ ફાર્મ, આણંદ કૃષિ યુનીવર્સિટી, વડોદરા-૦૩ સરનામે ચલાવવામાં આવે છે.

**(૩)** **શિક્ષણ અને અભ્યાસક્રમ:વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ તાલીમ** છ (૬) માસનો પ્રમાણપ્રત્ર અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં બોધ્ધિક તેમજ પ્રાયોગીક કાર્ય શીખવવામાં આવે છે. આ અભ્યાસક્રમ અંતર્ગત/ ખાનગી બાગબગીચાનું મહત્વ, તેની તકો, વિકાસની શકયતા, પર્યાવરણમાં ફૂલ છોડ્ની ઓળખ, તેનુ સંવર્ધન, રોપણી, ઉછેર અને પાક સંરક્ષણ અંગે તાલીમ આપવામાં આવે છે તેમજ જુદી જુદી જાતના બગીચાઓ, તેના વિભાગો જેમ કે કમાનો, ફુવારા, પુતળા, મંડપ, રોકરી, બોનસાઇ, ટોપીયેરી વિગેરે બાબતો અંગેના અભ્યાસનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગ્રીન હાઉસમાં ફૂલોની ખેતી, ઘર આંગણાના બગીચા માટે શાક્ભાજીનું પ્રાથમીક જ્ઞાન આપવામાં આવે છે.

**(૪) અરજી ફોર્મ :**

**(૧)** અરજી ફોર્મ / સુચિપ્રત્ર રૂબરૂ મેળવવા માંગતા ઉમેદવારે રૂ. ૫૦/- રોકડા અથવા પોષ્ટમારફત રૂ. ૭૫/- નો મની ઓર્ડર અત્રેની કચેરીમાં મોક્લવાનો રહેશે.

**(૨)** અરજી ફોર્મ સાથે ઉમેદવારે નીચે મુજબનાં બિડાણ સામેલ કરવાના રહેશે.

(અ) ધોરણ-૧૦ પરીક્ષા પાસ અને તે ઉપરાંત વધારાની લાયકાત ધરાવતા ગુણપ્રત્રકોની પ્રમાણિત નકલો.

(બ) ઉંમરના પૂરાવા માટે શાળા છોડયાના પ્રમાણપ્રત્રની પ્રમાણિત નકલ

(ક) ઉમેદવારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગે (બક્ષીપંચ) વર્ગના હોય તો તેવી જાતિ સબબના જે તે તાલુકા મામલતદાર /જિલ્લા સામાજિક કલ્યાણ અધિકારી/સક્ષમ અધિકારીના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ

(ડ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગેની 27% બેઠકોમાં ઉન્નત વર્ગેમાં સમાવેશ થતો ન હોયતેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગેના ઉમેદવારોજ પ્રવેશપાત્ર રહેશે. આ બાબતે સામાજિકઅને શૈક્ષણિક રીતે પછાત વર્ગેના ઉમેદવારો એ ઉન્નત વર્ગેમાં સમાવેશ થતો નથીતે મતલબનું સરકારના સક્ષમ અધિકારીશ્રીનું સંલગ્ન વર્ષનાનોન ક્રિમીલીયર પ્રમાણપ્રત્રની પ્રમાણીત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.

(ઇ) કોઇ સંસ્થા તરફથી મોકલવામાં આવનાર ઉમેદવારે તે સંસ્થાના ભલામણપ્રત્ર તથા માળીઅંગેની કામગીરી ના અનુભવો અંગેનું પ્રમાણપત્ર (સંસ્થાના છાપેલ લેટર હેડ પર રજુ કરવાનુંરહેશે.

**(૫) પ્રવેશ:**

લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ પ્રવેશ અંગેની જરૂરી વિગતો નીચે મુજબ છે.

(અ) **શૈક્ષણિક લાયકાત:**

લેન્ડ સ્કેપ ગાર્ડનીંગમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરવા ઈચ્છતા ઊમેદવારે ઓછામાં ઓછા ધોરણ –૧૦ (દસ) પાસ ઊપરાંત નીચે દર્શોવેલ વધારાની લાયકાત ધરાવતા ઊમેદવારોને પ્રવેશ માટે તેની સામે જણાવ્યા મુજબ ભારાંક (વૈઇટેજ) આપવામાં આવશે.

| ક્રમ | વધારાની શૈક્ષણિક લાયકાત | ભારાંક (વૈઇટેજ) |
|---|---|---|
| ૧ | અનુસ્નાતક | ૭ટકા |
| ૨ | સ્નાતક | ૫ ટકા |
| ૩ | માળી તાલીમ કોર્ષે અથવા બાગાયત/કૃષિ ડિપ્લોમાં | ૩ ટકા |

(બ) **ઉંમર:** પ્રવેશ મેળવવા ઇચ્છતા ઊમેદવારની ઉંમર સત્ર શરૂ થવાના દિવસે ૧૫ થી ૪૫ વર્ષે સુધીની હોવી જોઇએ.

**(ક) અનામત:**

(૧) પ્રવેશ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગે (બક્ષીપંચ) ઉમેદવારો માટે પ્રવર્તમાન નીતિ-નીયમો અનુસાર અનુક્રમે ૭%, ૧૫% તથા ૨૭% બેઠકો અનામત રાખવામા આવશે. આ અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવારો નહી મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી (જનરલ મેરીટ લીસ્ટ ) મુજબ ક્રમાઅનુસાર ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગે (બક્ષીપંચ) ઉમેદવારોએ અનામત જગ્યા પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેનુ જે તે તાલુકા મામલતદાર/જિલ્લા સામાજિક કલ્યાણ અધિકારી / સક્ષમ અધિકારીશ્રિના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ અરજી ફોર્મે સાથે રજુ કરવાની રહેશે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગેના ૨૭% બેઠકોમાં ઉન્નત વર્ગેમાં સમાવેશ થતો ન હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગેના ઉમેદવારોજ પ્રવેશપાત્ર રહેશે. આ બાબતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગેના ઉમેદવારો એ ઉન્નત વર્ગેમાં સમાવેશ થતો નથી તે બાબતનું સરકારના સક્ષમ અધિકારીશ્રીનું સંલગ્ન (ચાલુ) વર્ષેનું નોન ક્રિમીલીયર (પરિશિષ્ટ-ક) પ્રમાણપ્રત્ર રજુ કરવાનું રહેશે.

(૪) **અન્ય નિયમો**

**(૧)** લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ કોર્ષેની પ્રવેશ ક્ષમતા ૨૦ વિધાથીઓની રહેશે.

**(૨)** લેન્ડ સ્કેપ ગાર્ડનીંગમાં પ્રવેશ મેળવનારને છાત્રાલયની સુવીધા આપવામાં આવશે.

**(૩)** અરજીફોર્મ ભરનાર ઉમેદવારના પિતા હયાત ન હોય તેવા કિસ્સામાંજઉમેદવારના પિતાની બદલે વાલીની સહી અરજી ફોર્મમાં કરાવવાની રહેશે.અન્યથા પિતાએજ સહી કરવી.

(૪) કોઇ સહકારી, સરકારી, અર્ધસરકારી અથવા ખાનગી સંસ્થા ધ્વારાભલામણકરેલ ઉમેદવારે તેના અરજી પ્રત્રકમાં પિતાના બદલે ભલામણકરાયેલસંસ્થાના વડાનાં સહીસીક્કા કરાવવાના રહેશે.

(૫) અભ્યાસક્રમ દરમ્યાન કોઈપણ પ્રકારની નોકરી અથવા બીજો અભ્યાસ કરી શકાશે નહીં.

**(ડ) રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ)**

**(૧)** પ્રવેશ મેળવવા માટે લેન્ડ સ્કેપ ગાર્ડનીંગની કચેરીને મળેલ અરજીઓપૈકી માન્ય અરજીઓ વાળા ઉમેદવારોને ગુણવત્તાના ધોરણે સ્વખર્ચે મુલાકાત (ઈન્ટરવ્યુ) માટે બોલાવવામાં આવશે.ઈન્ટરવ્યુના દિવસે હાજર રહેલ ઉમેદવારોની રૂબરૂ મુલાકાત પસંદગી સમિતી દ્વારા લેવામાં આવશે જેમાં પસંદ થયેલ ઉમેદવારોને પ્રવેશ અપાશે.લેન્ડ સ્કેપ ગાર્ડનીંગ ની કચેરીમાં કોશન મની/ફી ની રકમ તુરંત ભરવાની રહેશે.પ્રવેશ આપવામાટે ઉમેદવારની પસંદગી કરવામાટે નીચે મુજબ ની પસંદગી સમીતિ રહેશે.

(અ) **અધ્યક્ષ**: યુનિટ અધિકારી, શેઠ ડી. એમ. પોલીટેક્નીક ઇન હોર્ટીકલચર, મોડેલ ફાર્મ,વડોદરા

(બ) **કન્વીનર:** પ્રાધ્યાપક અને વડાશ્રી, બાગાયત વિભાગ, બં.અં. કૃષિ મહવિધયાલય, આણંદ કૃષિયુનિવસિટી, આણંદ.

(ક) **સભ્ય સચિવ**:વોકેશનલ કોર્ષ ઓનલેન્ડ સ્કેપ ગાર્ડનીંગના ઇન્ચાર્જશ્રી, શેઠ ડી. એમ. પોલીટેક્નીક ઇન હોર્ટીકલચર, મોડેલ ફાર્મ, વડોદરા.

**(૨)** રૂબરૂ મુલાકાત માટે બોલાવેલ ઉમેદવારે રૂબરૂ મુલાકાત વખતે અરજી ફોર્મમાં જણાવ્યા મુજબનાં અસલ પ્રમાણપત્રો /માર્કશીટ તેમજ જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીશ્રી અથવા સમકક્ષ સરકારી તબીબી અધિકારીનું શારીરિક યોગ્યતા પુરવાર કરતું પ્રમાણપ્રત્ર રજુ કરવાનુ રહેશે.

**(૧) કોશન મની / ફી /અનામતની રકમ:**

| | | | |
|---|---|---|---|
| ૧ | છાત્રાલયની અનામત | રૂ. ૨૦૦/- | **(પરત મળવાપાત્ર)** |
| ૨ | કોશન મની | રૂ. ૧૦૦/- | **(પરત મળવાપાત્ર)** |
| ૩ | ઓળખ પત્ર ફી | રૂ. ૩૦/- | |
| ૪ | ગુણપત્રક ફી | રૂ. ૨૦/- | |
| ૫ | પ્રમાણપ્રત્ર ફી | રૂ. ૩૦/- | |
| ૬ | પ્રયોગશાળા ફી | રૂ. ૨૫૦/- | |
| | **કુલ** | **રૂ. ૬૩૦/-** | |

**(૨)** **હાજરી:**

**(અ)** પ્રવેશ મેળવેલ દરેક તાલીમાર્થીને અંતિમ પરિક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી૮૦% હાજરી જરૂરી રહેશે

**(બ)** કોર્સ દરમ્યાન ૮૦%થી ઓછી હાજરી ધરાવતા તાલીમાર્થીને અંતિમ પરિક્ષામાં બેસવા દેવામાં આવતા નથી. પરતું માંદગી તેમજ કૌટુંબિક મૃત્યુના કિસ્સામાં કેન્દ્રના વડાની સત્તાની રૂએ ખુટતી હાજરી બાબતે શક્ય હોય તો છૂટછાટ આપી શકાશે.

(ક) જે વિદ્યાર્થી કેન્દ્રના કામકાજના દિવસે બૌધિક અથવા પ્રાયોગિક શિક્ષણના કોઈ પણ એક તાસમાં ગેરહાજર રહેશે તો તે વિદ્યાર્થી આખા દિવસની ગેરહાજરી ગણાશે.

**(૩)** **સ્ટાયપન્ડ :**

આ કોર્ષમાં તાલીમાર્થીને માસિક રૂ|. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર) નુંસ્ટાયપન્ડ તેની માસિક હાજરી મુજબ ચૂકવવામાં આવશે. તાલીમાર્થીનેકોર્ષ દરમ્યાન સ્ટાયપન્ડ મળશે. કોઈ કારણસર ફરીથી રજીસ્ટ્રેશન કરીનેઅભ્યાસ ચાલુ રાખશે તો સ્ટાયપન્ડ મળવાપાત્ર રહેશે નહીં.

(૪) **સામાન્ય નિયમો:-**

**(અ)** યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના ડોકટર તેમજ સરકાર માન્ય તબીબી જરૂરી પ્રમાણપત્ર મળ્યેથી પ્રવેશ માન્ય ગણાશે .

**(બ)** કોઇપણ તાલીમાર્થીબીમારી કે ચેપી રોગનો ભોગ બનેલ હોય તો ર્ડાક્ટરી પ્રમાણપ્રત્ર સિવાય વર્ગમાં હાજરી આપી શકાશે નહિ.

**(ક)** તાલીમાર્થીએ નિયમીત સમયપત્રક મુજબ હાજરી આપવાની રહેશે. અભ્યાસ દરમ્યાનપરિક્ષાના સમયપત્રકની માહિતી જાતેમેળવી નિયત પરીક્ષાઓ નિયત સમયે આપવાની રહેશે.

**(ડ)** જે તાલીમાર્થીની પ્રગતી સંતોશકારક જણાશે નહી તેમને ગમે તે સમયે તાલીમમાંથી છૂટા કરવામાં આવશે.

**(ઇ)** તાલીમ દરમ્યાન કોઇ અંગત મિલકત ગુમ થવા અંગે કે કોઇપણ અકસ્માતની જવાબદારી તાલીમાર્થીની પોતાની રહેશે.

**(ક)** જો કોઇ તાલીમાર્થી તાલિમ દરમ્યાન યુનિવર્સિટીના માલમિલકતને નુકશાન કરશે તો તે જે તે તાલીમાર્થી પાસેથી વસુલાત પાત્ર રહેશે.

**(ખ)** પ્રવેશ મેળવેલ તાલીમાર્થીને કેન્દ્રમાંથી ઓળખપત્ર આપવામાં આવશે. જે તાલિમ દરમ્યાન જરૂર પડે સંબંધિત અધિકારીને બતાવવાનું રહેશે.

**(ગ)** યુનિવર્સિટીએ નક્કિ કરેલ શિસ્તના બધાજ નિયમોનું ચુસ્તપણે પાલન તાલીમાર્થીઓએ કરવાનું રહેશે અને તેમાં વખતોવખત ફેરફાર કરવામાં આવે તો તે તાલીમાર્થીને બંધનકર્તા રહેશે.

**(ઘ)** અભ્યાસક્રમ દરમ્યાન કોઈપણ પ્રકારની ખાનગી/સરકારી નોકરી કે અન્ય વ્યવસાય કરી શકાશે નહીં. અને જો એમ કરતાં માલૂમ પડશે તો તેમને તાત્કાલિક તાલીમમાથી છૂટા કરવામાં આવશે.

**(૫) પરીક્ષા :**

**(અ)** કોર્ષ દરમ્યાન કુલ પાંચ પરીક્ષાઓ લેવામાં આવે છે.

| ક્રમ | પરીક્ષા | સમય | ગુણ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ આંતરિકબૌધિકપરીક્ષા | કોર્ષ શરૂ થયા બાદબે માસના અંતે | ૧૦ |
| ૨ | દ્વિતીય આંતરિકબૌધિક પરીક્ષા | કોર્ષ શરૂ થયા બાદ ચાર માસના અંતે | ૧૦ |
| 3 | આંતરિક પ્રાયોગિક પરીક્ષા | કોર્ષ શરૂ થયાના પાંચ માસના અંતે | ૨૦ |
| ૪ | અંતિમ પ્રાયોગીક પરીક્ષા | કોર્ષ શરૂ થયા બાદછ માસનાઅંતસુધીમાં | 30 |
| | અંતિમ બોધ્ધીક પરીક્ષા | કોર્ષ શરૂ થયા બાદ છ માસનાઅંતસુધીમાં | 30 |

**(બ) પરીક્ષાના નિયમો :-**

(૧) કોર્ષ દરમ્યાન ૮૦% થી ઓછી હાજરીવાળા વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. પરંતુ માંદગી તેમજ કૌટુંબિક સભ્યના મૃત્યુના કિસ્સામાં કેન્દ્રના વડા મંજૂરી આપી શકશે.

(૨) જો વિદ્યાર્થી નાપાસ જાહેર થાય તો નાપાસ થયેલ જે તે વિષયની અંતિમ પ્રાયોગિક અને બૌધિક પરીક્ષા તે પછીના ૪૫ દિવસ ની અંદર ઉમેદવારની તુરંત અરજી મળ્યેથી સક્ષમ અધિકારીની મંજૂરી મેળવી પરીક્ષા આપવાની રહેશે.

(3) વિદ્યાર્થીને નાપાસ થયે ફક્ત એક વાર ફરીથી અંતિમ બૌધિક અને પ્રાયોગિક પરીક્ષા આપવાની તક મળશે. તેમ છતાં ફરી નાપાસ થસે તો તેનું રજીસ્ટ્રેશન રદ થશે તેમજ ફરીથી સ્ટાયપન્ડ મળવાપાત્ર રહેશે નહીં.

(૪) તાલીમાર્થી આંતરિક પરીક્ષાઓ પૈકી એક બૌધિક અને એક પ્રાયોગિક પરીક્ષા ફરજિયાત આપવાની રહેશે. તેજ તાલીમાર્થી અંતિમ પરીક્ષાઓ આપી શકશે. દરેક અંતિમ બૌધિક તથા પ્રાયોગિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૩૫% ગુણ મેળવવાના રહેશે.

**(૬) મૂલ્યાંકન:**

છ (૬) માસના પૂરા સમયના અભ્યાસક્રમમાં આંતરિક અને અંતિમ પરીક્ષાઓ લેવામાં આવે છે. સફળ થયેલ ઉમેદવારને ગુણકક્ષા પ્રમાણે તાલીમ સફળતાપૂર્વક પુરો કર્યાનું પ્રમાણપ્રત્ર આપવામા આવે છે. ગુણકક્ષાનું ન્યુનત્તમ ધોરણ નીચે મુજબ છે.

| ક્રમ | શ્રેણી | ટકા |
|---|---|---|
| ૧ | પાસ શ્રેણી | ૩૫.૦૦ થી ૪૯.૯૯ |
| ૨ | દ્વિતીય શ્રેણી | ૫૦.૦૦ થી ૫૯.૯૯ |
| ૩ | પ્રથમ શ્રેણી | ૬૦.૦૦ થી ૬૯.૯૯ |
| ૪ | વિશિષ્ઠ શ્રેણી | ૭૦.૦૦ ટકા અને તેથી વધુ |

## ❖ અભ્યાસક્રમ

### VCLG-1: સુશોભિતબગીચાઓનો અભ્યાસ

**બૌધિક:-**

- ભારતમાં બગીચાઓનો ઇતિહાસ
- લેન્ડસ્કેપ ગાર્ડનિંગનું મહત્વ અને તેમાં  રહેલી તકો
- લેન્ડસ્કેપ ગાર્ડનિંગના સિદ્ધાંતો
- લેન્ડસ્કેપ ગાર્ડનિંગના મુખ્ય અંગો
- બગીચાના પ્રકારો
- ઘરની અંદરના બગીચા
- ઘરની બહારના બગીચા
- ખાનગી બગીચા
- પ્રાચીન અને અર્વાચીન બગીચાનો અભ્યાસ
- બગીચાના આભૂષણોનું મહત્વ અને તેની રચનાઓ
- વિવિધ પ્રકારની હરિયાળી રોપણી તેમજ તેની નિભાવણી.

**પ્રાયોગિક:-**

- બગીચાબનાવવા માટે વપરાતા વિવિધ ઓજારો તેમજ સાધન સામગ્રી નો અભ્યાસ.
- બગીચા બનાવવા માટે વપરાતા વિવિધ ઓળખ ચિન્હોનો અભ્યાસ
- બોનસાઈ એક કળા વિષે આભાસ.
- ફૂલોની ગોઠવણી વિષે અભ્યાસ.
- વિવિધ પદ્ધતિઓ દ્વારા હરિયાળીની રોપણી અને જાળવણી.
- વિવિધ પ્રકારના ફૂલછોડ તેમજ સુશોભનછોડ નો અભ્યાસ.
- નાના બગીચા બનાવવાનો અભ્યાસ.
- સરકારી કે ખાનગી બગીચાની મુલાકાત.

### VCLG-2: બગીચામાં ઉપયોગી વિવિધ ફૂલછોડ તેમજ વૃક્ષોનો અભ્યાસ

**બૌધિક:-**

- કાયમી ફૂલછોડનું આયોજન
- પાનની શોભાવાળા કાયમી છોડ (સંવર્ધન, પાનનો રંગ, ઉયયોગિતા)
- ફૂલોની શોભાવાળા કાયમી છોડ, પાન/ફૂલની શોભાવાળા તથા કંદ/ગાઠ/વેલાથી થતાં કાયમી છોડ.
- સુશોભિત વૃક્ષો, વૃક્ષોની ઉપયોગિતા, વૃક્ષ ઉછેરના મુદ્દા પાનની શોભાવાળા વૃક્ષો, ફૂલોની શોભાવાળા વૃક્ષો
- આકર્ષક પામ

- બગીચા માટે વિવિધ પ્રકારની વેલીઓ અને તેની વિશિષ્ટતાઓ
- વર્ષાયુ ફૂલછોડનો ધરું ઉછેર અને માવજત
- વિવિધ ઋતુઓના વર્ષાયુ ફૂલછોડ, ચોમાસુ, શિયાળુ અને ઉનાળુ ઋતુમાં રોપવાના ફૂલછોડ
- વાડ માટેના વિવિધ પ્રકારના છોડ, જીવંત વાડ, નિર્જીવ વાડ
- સુશોભનછોડની સંવર્ધન રીત

**પ્રાયોગિક:-**
- બગીચામાં ઉપયોગી તમામ પ્રકારના ફૂલછોડ
- ઝાડ ઋતુવાર તમામ પ્રારના ફૂલછોડની ઓળખ કરાવવી
- વેલીઓની ઓળખ કરાવવી
- તમામ પ્રકારની સંવર્ધનની રીતો શીખવાડવી તેમજ ફૂલછોડ પ્રદર્શનની મુલાકાત કરાવવી
- વિવિધ પ્રકારના પામની ઓળખ તેમજ છોડ તૈયાર કરવા.

## VCLG-3: કાયમી ફોલોની ખેતી પદ્ધતિ

**બૌધિક:-**
- કાયમી ફૂલોની ખેતી પદ્ધતિ
- ગુલાબ
- મોગરો
- સેવંતી
- હજારી ગલ (ગલ ગોટા)
- રજની ગંધા
- સ્પાઇડર લીલી
- એસ્ટર
- ગાદલિયા
- ગ્લેડિયોલસ
- સોના સળી

**પ્રાયોગિક:-**
- કાયમી ફૂલપાકોની લાક્ષણિકતાઓ અને ઓળખ માં સંવર્ધન.
- કાયમી ફૂલપાકોમાં રોપ ઉછેર.
- કાયમી ફૂલપાકોમાં રોપણી સમય અને કાળજીઓ.
- કાયમી ફૂલપાકોમાં ફૂલોની વીણી અને સાચવણી.
- ગુલાબ અને મોગામાં છાંટણી.
- ફૂલોમાં મૂલ્યવર્ધન.
- બાગ-બગીચામાં કાયમી ફૂલોનું સ્થાન અને મહત્વ.
- બાગ-બગીચા તથા ફૂલ પ્રદર્શનની મુલાકાત.

## VCLG-4: નર્સરી પ્રવૃત્તિ, ગ્રીન હાઉસમાં ફૂલોની ખેતી અને કિચન ગાર્ડનનો અભ્યાસ

**બૌધિક:-**

- બાગાયતી પાકોમાંપ્રસર્જન અને તેના પ્રકારો, ભેટ કલમ, દાબ કલમ, કટિંગ, બડિંગ વગેરેનો અભ્યાસ.
- કુંડાના પ્રકારો, તેને ભરવા તેમજ ખાલી કરી ફરી ભરવા માટેનો અભ્યાસ અને તેના ઉપયોગમાં આવતા માધ્યમો ના પ્રકાર તેના ગુણધર્મનો અભ્યાસ
- બિયારણનું કરી તેમાં ઉગવાની ટકા કાઢવાની સમજ
- નર્સરી તેમજ ગ્રીન હાઉસમાં સોઇલ સોલરાઇઝન, જમીન નવીનીકરણ ની સમજ અને તેની જુદી જુદી પદ્ધતિઓ
- ગ્રીન હાઉસના પ્રકાર, ઉપયોગ તથા ફાયદા ને ગેરફાયદા
- ગ્રીન હાઉસમાં ઉગાડવામાં આવતા વિવિધ ફૂલપાકો જેવાકે ગુલાબ, જર્બેરા, સેવંતી, ઓર્કિડ, એંથુરિયમ
- વૃદ્ધિ નિયંત્રો એટલે શું? તેના પ્રકાર અને તેની બાગાયતપાકો પર અસરનો અભ્યાસ
- નર્સરી/બાગાયતી પાકોમાં ઉપયોગમાં આવતા વૃદ્ધિ નિયંત્રકોનો ઉપયોગ
- કિચન ગાર્ડનનો અભ્યાસ

**પ્રાયોગિક:-**

- જુદી જુદી પ્રસર્જન રીતને પ્રાયોગિક ધોરણે નર્સરીમાં કરાવવી. વિવિધ છોડ તૈયાર કરી બેગ ભરવી.
- જુદા જુદા પ્રકારના કુંડાઓનો અભ્યાસ
- કુંડા ભરવા માટેના મધ્યમનો પ્રકાર અને તેના ગુણધર્મો નો અભ્યાસ
- નર્સરીમાં ધરુવાડિયાની જમીનને નિર્જીવીકરણ કરવાની પદ્ધતિ
- જુદા જુદા પ્રકારના ગ્રીન હાઉસનો અભ્યાસ અને ઉપયોગો
- ફૂલોની ખેતી ગ્રીન હાઉસમાં ઉગાડવાની પ્રાયોગિક કામગીરી
- કટકા કલમ બનાવવામાં મૂલ્યવર્ધક વૃદ્ધિનિયંત્રકોનો ઉપયોગ કરવાની પદ્ધતિ
- કિચન ગાર્ડનનો અભ્યાસ

## છાત્રાલયના નિયમો:

૧. છાત્રાલય-પ્રવેશ ગુણવત્તાના ધોરણે ઉપલબ્ધ સગવડની મર્યાદાને આધીન રહીને આપવામાં આવશે.
૨. લેન્ડ સ્કેપ ગાર્ડનીંગનાં ૧૨ (બાર) માસના પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર દરેક તાલીમાર્થીએ છાત્રાલયમાં ફરજીયાત્ રહેવાનું રહેશે. તાલીમાર્થીએ જમવાની વ્યવસ્થા સ્વખર્ચે(જાતે) કરવાની રહેશે.
૩. તાલીમાર્થીને આપવામાં આવેલ રૂમની સફાઇ પોતે કરવાની રહેશે.
૪. રૂમમાં૬૦/૪૦વોલ્ટથી વધુ નહીં તેવો વીજળીનો ગોળો વાપરી શકાશે. બીજા કોઇપણ વીજળીના સાધનો વાપરી શકાશે નહીં. છંતા પણ કોઇ તાલીમાર્થી આવા સાધનો વાપરતો જણાશે તો તેવા સાધનો જપ્ત કરવામાં આવશે અને સદરહુ તાલીમાર્થી પાસેથી રૂપિયા ૨૫૦/- સુધીનો દંડને પાત્ર રહેશે.
૫. વીજળી અને પાણીનો વપરાશ જરૂર પુરતો જ કરવાનો રહેશે.
૬. છાત્રાલયની રૂમો, દિવાલો, પરસાળ અથવા મકાનના કોઇપણ ભાગમાં કોઇપણ જાતના ચિત્રો કે લખાણ્ લખવા નહિં અને છાત્રાલયની હદમાં નકામી ચીજો ફેકવી નહિ. બિન ઊપયોગી ચીજો કચરાપેટીમાં નાખવી. છાત્રાલયને સ્વચ્છ અને સુઘડ રાખવું. એ દરેક તાલીમાર્થીની ફરજ રહેશે.
૭. છાત્રાલયનું મકાન રાચરચીલું કે અન્ય ચીજવસ્તુઓ કાળજીથી વાપરવાની રહેશે.
૮. છાત્રાલયમાં કોઇપણ ધુમ્રપાન, પાન મસાલા, દાહક , સ્ફોટક, માદક, કેફી પદાર્થ કે વીનાશક પદાર્થો તથા હથિયારો રાખવા નહીં.
૯. કોઇપણ વિધાર્થીએ રૂમમાં પોતાની પાસે કીંમતી વસ્તુઓ જેવાકે મોબાઇલ, દાગીના રાખવી નહીં. માત્ર જરૂર પૂરતાં પૈસા પોતાની પાસે રાખવા.
૧૦. કોઇપણ સંજોગોમાં કુમાર છાત્રાલયમાં સ્ત્રી મહેમાનોને અને કન્યા છાત્રાલયમાં પુરૂષ મહેમાનોને રહેવા દેવામાં આવશે નહીં. પિતા અથવા વાલીને તાલીમાર્થીની મુલાકાત સમયે ગ્રુહપતિની મંજુરીથી અઠવાડીયામાં એકાદ દિવસ માટે છાત્રાલયમાં મુલાકાત આપવામાં આવશે.
૧૧. બીજાતાલીમાર્થીને અભ્યાસમાં ખલેલ ન પંહોચે તે રીતે કોઇપણ તાલીમાર્થીએ મનોરંજનના સાધનો વગાડવાના નહીં.
૧૨. માંદા પડનાર, ચેપી રોગવાળા અથવા ઇજા પામેલ તાલીમાર્થીનીજાણ ગ્રુહપતિને તરતજ કરવી જેથી તાત્કાલિક સારવારની વ્યવસ્થા થઇ શકે.
૧૩. છાત્રાલયની હદમાં કોઇ પણ પ્રકારની સભા કે ઊત્સવ ગ્રુહપતિની પરવાનગી વીના યોજી શકાશે નહીં.
૧૪. યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર દરેક તાલીમાર્થીએપોતાની પાસે રાખવાનું રહેશે. યુનિવર્સિટીના અધિકુત અધિકારી જોવા માંગે ત્યારે બતાવવાનું રહેશે.
૧૫. વેકેશન દરમ્યાન ગ્રુહપતિની મંજૂરી સિવાય કોઇપણ તાલીમાર્થીને છાત્રાલયમાં રહી શકાશે નહીં.
૧૬. સાંજે આઠ વાગ્યા પછી ગ્રુહપતિની મંજૂરી સિવાય છાત્રાલયમાં છોડી શકાશે નહીં.

૧૭. છાત્રાલયના નોકરો પાસે કોઇપણતાલીમાર્થીએ અંગત કામ કરાવવા નહીં.

૧૮. જે તાલીમાર્થીનો પ્રવેશ તાલીમ કેન્દ્રમાંથી રદ કરવામાં આવે તે તાલીમાર્થીએ છાત્રાલયમાં ફાળવેલ રૂમ તાત્કાલિક અસરથી ખાલી કરવાની રહેશે.

૧૯. ગ્રુહપતિને મદદનિશ ગ્રુહપતિ કે યુનિવર્સિટી અધિકૃતઅધિકારી જ્યારે છાત્રાલયની મુલાકાત લે / તપાસ કરે તે વખતે દરેક રૂમ ખુલ્લી રાખી તાલીમાર્થીએ અંગત સામાનની ચકાસણી કરવા દેવાની રહેશે.

૨૦. તાલીમાર્થીએ રૂમની વીજળીનો ગોળો/ટ્યુબ પ્રવેશ વખતે ચાલુ હાલતમાં આપવામાં આવશે. ત્યારબાદ તે બિનકાર્યક્ષમ થયે તાલીમાર્થીએ પોતાના ખર્ચે બદલીને રૂમની પરત સોંપણી વખતે ચાલુ હાલતમાં આપવાના રહેશે

૨૧. તાલીમાર્થીએ શૈક્ષણિક વર્ષ / અભ્યાસક્રમ પૂરો થયે છાત્રાલયની રૂમ, ફર્નિચર તથા અન્ય વસ્તુઓની પરત સોંપણી ગ્રુહપતિનેજાણકર્યાબાદ જ છાત્રાલય છોડી શકાશે. નિયમનુ ઉલ્લંઘન કરનાર તાલીમાર્થીની અનામત જપ્ત કરવામાં આવશે.

૨૨. છાત્રાલયમાં દાખલ થતી વખતે ગાદલું, રજાઇ, ઓશીકું, મચ્છરદાની, શેતરંજી, ડોલ, લોટો, પ્યાલો તથા અન્ય રોંજીદી જરૂરિયાતની ચીજવસ્તુઓ તાલીમાર્થીએ લાવવાની રહેશે.

૨૩. તાલીમાર્થીએ પ્રયોગીક કાર્ય માટે અભયાસક્રમ શરુ થએ પોતાના ઘરે થી ખુરપી, કોદાળી, પાવડો અને તગારૂં લાવવાનુ રહેશે.

૨૪. છાત્રાલય અંગે કોઇ મુશ્કેલી હોય તો તે અંગે ગ્રુહપતિને જાણ કરવાથી યોગ્ય કરવામાં આવશે.

૨૫. ઉપરોકત નિયમો ઊપરાંત આણંદ કૃષિ યુનીવર્સિટી તરફથી વખતો વખત અમલમાં આવતા છાત્રાલયના નિયમો તથા જે તે છાત્રાલયના ગ્રુહપતિ તરફથી સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઇ ઘડેલ નિયમો છાત્રાલયમાં રહેતા તમામ તાલીમાર્થીને બંધનકર્તા રહેશે.